Paper Code - 3526

B.A. Semester-III (POLITICAL SCIENCE)
July-September-2021
CC-POl-304 (A) Basic Principles of Democracy (Old and New course)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો :** ૫૦ **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો :** ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. ભારતની પ્રાચીન રાજકીય પરંપરામાં કયા શાસન પર ભાર મૂકવામાં આવ્યો છે ?
   (A) લોકશાહી (B) રાજાશાહી (C) આપખુદશાહી (D) બધા
2. ડેમોક્રેસી શબ્દ 'ડેમોસ' થી નીકળ્યો છે, તે શબ્દ કઈ ભાષાનો છે?
   (A) લેટિન (B) રોમન (C) ગ્રીક (D) હિન્દી
3. 'ડેમોસ' અને 'ક્રેટોસ' શબ્દો મળીને ડેમોક્રસી શબ્દ બનેલો છે, જેનો ક્રમશઃ અર્થ થાય છે?
   (A) પ્રજા અને સત્તા (B) સ્ત્રી અને પુરુષ (C) પુરુષ અને શાસન (D) પ્રજા અને સરકાર
4. આજના યુગમાં પ્રત્યક્ષ લોકશાહી અસંભવ છે કારણકે..
   (A) ઘણા દેશોમાં સમાજવાદી શાસન સ્થાપિત થયેલું છે
   (B) આજના રાષ્ટ્ર રાજ્યો ક્ષેત્રફળ અને વસ્તીની દ્રષ્ટિએ ઘણા મોટા થઈ ગયા છે
   (C) આખી દુનિયા મૂડીવાદી અને સામ્યવાદી એમ બે જૂથોમાં વહેંચી ગઈ છે
   (D) આજના રાજ્યો પોતે પ્રત્યક્ષ લોકશાહી ઈચ્છા નથી
5. લોકશાહીમાં છેલ્લી સત્તા કોનામાં સમાયેલી હોય છે?
   (A) સંસદમાં (B) પ્રજામાં (C) મંત્રીમંડળમાં (D) વહીવટી અધિકારીઓમાં
6. આધુનિક લોકશાહીને કયા સ્વરૂપમાં ઓળખવામાં આવે છે?
   (A) પ્રત્યક્ષ લોકશાહીના રૂપમાં (B) જનતાની લોકશાહીના રૂપમાં
   (C) પ્રાતિનિધિક લોકશાહીના રૂપમાં (D) સમાજવાદી લોકશાહીના રૂપમાં
7. પ્રત્યક્ષ લોકશાહી નીચેનામાંથી સામાન્ય રીતે કોની સાથે સંકળાયેલ છે?
   (A) અમેરિકા સાથે (B) બ્રિટન સાથે (C) ભારત સાથે (D) ગ્રીક સાથે
8. લોકશાહીના ગુણોમાં નીચેનામાંથી કયું સાચું નથી?
   (A) સમાનતા અને સ્વતંત્રતા ઉપર આધારિત (B) દેશભક્તિનો સ્ત્રોત
   (C) લોક કલ્યાણ વાળુ શાસન (D) ઉપરના માંથી એક પણ નહીં
9. નીચેનામાંથી કોણે લોકશાહીની ટીકા કરી નથી?
   (A) સર હેન્રી 0મેન (B) લેકિ (C) બ્રાઈસ (D) કાર્લાઈલ
10. લોકશાહીની સફળતા માટે શું જરૂરી નથી?
   (A) શિક્ષિત પ્રજા (B) સ્વતંત્ર ન્યાયતંત્ર
   (C) જનમત નિર્માણ માટેના સ્વતંત્ર સાધનો (D) ધંધાદારી રાજકારણીઓ
11. નીચે દર્શાવેલ દાર્શનિકોમાંથી કોણ લોકશાહીના ઉદારમતવાદી વિચાર સાથે સંબંધિત નથી?
   (A) જ્હોન લૉક (B) જે.જે. રુસો (C) કાર્લ માર્કસ (D) જે. એસ. મિલ
12. નીચેનામાંથી કોણ પ્રત્યક્ષ લોકશાહીના સમર્થક છે?
   (A) પ્લેટો (B) ગાર્નર (C) જે. એસ. મિલ (D) એરિસ્ટોટલ
13. 'મોર્ડન ડેમોક્રેસી' પુસ્તકના લેખક કોણ છે?
   (A) લાસ્કી (B) લોર્ડ બ્રાઈસ (C) રુસો (D) લૉક
14. લોકશાહીની નીચે આપવામાં આવેલી વ્યાખ્યાઓ માંથી કઈ વ્યાખ્યા ખોટી છે?
   (A) લોકશાહી એવું શાસન છે કે જેમાં મોટા ભાગની પ્રજા શાસનમાં ભાગીદાર હોય છે
   (B) લોકશાહી એવું શાસન છે કે જેમાં દરેક વ્યક્તિનો ભાગ હોય છે
   (C) લોકશાહી લોકોનું, લોકો દ્વારા, લોકો માટેનું શાસન છે
   (D) લોકશાહી એવું શાસન છે કે જેમાં સમાજનો અગ્ર વર્ગ શાસન કરે છે
15. આજે વિશ્વના કયા દેશમાં પ્રત્યક્ષ લોકશાહી પ્રણાલી પ્રચલિત છે?
   (A) જાપાન (B) બ્રિટન (C) સ્વિટ્ઝર્લેન્ડ (D) અમેરિકા
16. લોકશાહી શાસન કયા સિદ્ધાંત પર આધારિત છે?
   (A) બહુમતીના સિદ્ધાંત ઉપર (B) પૂર્ણ સ્વતંત્રતા ઉપર
   (C) બુદ્ધિજીવીઓના હાથમાં શાસનના સિદ્ધાંત ઉપર (D) ઉપરના માંથી એક પણ નહીં

17. લોકશાહીને સફળ બનાવવા માટે કઈ બાબત યોગ્ય નથી?
(A) વયસ્ક મતાધિકાર (B) વિરોધ પક્ષની હાજરી
(C) સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી પંચ (D) ફક્ત શિક્ષિત લોકોને શાસનમાં ભાગ લેવાની તક આપવી

18. લોકશાહી લોકોનું, લોકો દ્વારા, લોકો માટેનું શાસન છે, લોકશાહીની આ વ્યાખ્યા કોણે આપી છે?
(A) સિલે (B) બ્રાઈસ (C) ડાયસી (D) અબ્રાહમ લિંકન

19. નીચેનામાંથી કોણ પ્રત્યક્ષ લોકશાહીની તરફેણ કરે છે?
(A) હોબ્સ (B) લૉક (C) રુસો (D) માર્ક્સ

20. લોકશાહીના બહુમતી શાસનના ખ્યાલની સાથે નીચેનામાંથી કયું યોગ્ય છે?
(A) બધી સત્તાઓનું સાધન રાજ્ય છે અને બધા સમૂહો તેના થકી સત્તાઓ મેળવે છે
(B) સમાજમાં સત્તા સરકાર તથા અન્ય સમૂહો વચ્ચે વહેંચાઈ જાય છે
(C) રાજકીય સત્તા અને અલગ-અલગ સમૂહ તથા સંસ્થાઓમાં વહેંચી શકાય નહીં
(D) ઉપરનામાંથી કોઈ પણ નહીં

21. લોકશાહી કેવા પ્રકારનું શાસન છે?
(A) મતદારોનું શાસન છે (B) પ્રજાનું શાસન છે (C) સંસદ નું શાસન છે (D) રાજકીય પક્ષોનું શાસન છે

22. 'લોકશાહી અયોગ્ય અને મંદબુદ્ધિ વ્યક્તિઓનું શાસન છે'- આમ કોણે કહ્યું છે?
(A) સર હેન્રી મેન (B) પ્લેટો (C) બ્રાઈસ (D) કાર્લાઈલ

23. કાયદાના શાસનનો વ્યવસ્થિત અભ્યાસ કોણે કર્યો છે?
(A) ડાયસી (B) લાસ્કી (C) ગેટેલ (D) બર્ગેસ

24. વિધેયાત્મક કાર્યોનો ખ્યાલ કોણે આપ્યો છે?
(A) લાસ્કી (B) ગ્રીન (C) ડાયસી (D) ગેટેલ

25. સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ અને સહિષ્ણુતા, આ ચાર મૂલ્યો કયા તંત્રમાં સ્વીકારવા જોઈએ?
(A) રાજાશાહી (B) સામંતશાહી (C) લોકશાહી (D) સરમુખત્યારશાહી

26. "બહુમતી શાસન ચલાવે અને લઘુમતી શાસનને તાબેદાર બને તે કુદરતના કાયદાથી વિરુદ્ધ છે"- કોણે કહ્યું છે?
(A) જી. સી. ફિલ્ડ (B) આઇવર જેનીંગ્સ (C) કે. સી. વ્હિયર (D) રુસો

27. ઉદ્યોગો પર સરકારનો અંકુશ સ્થપાય તેને શું કહે છે?
(A) ઉદારીકરણ (B) ખાનગીકરણ (C) રાષ્ટ્રીયકરણ (D) વૈશ્વિકરણ

28. "નાગરિકોમાંથી કોઈપણ શાસન કરે તેના કરતા કાયદા દ્વારા શાસન ચાલવું જોઈએ તે વધારે વ્યાજબી છે" -આ વિચાર કોનો છે.
(A) ગેટલ (B) એરિસ્ટોટલ (C) ગાર્નર (D) ગિલક્રિસ્ટ

29. "મનુષ્ય સમાજ રચનારું પ્રાણી છે" - કોણે કહ્યું છે?
(A) હેરાલ્ડ લાસ્કી (B) મિલ (C) ગાંધીજી (D) એરિસ્ટોટલ

30. " ઘણી વ્યક્તિઓ અથવા તો પ્રજા કદાપિ શાસન કરતી નથી, સત્તાતો હંમેશા અમુક વ્યક્તિઓના હાથમાં જ હોય છે"- આમ કોણે કહ્યું છે?
(A) મેકાઈવર (B) પી.જી. માવળંકર (C) જ્હોન લૉક (D) બર્ટ્રાન્ડ રસેલ

31. વ્યક્તિવાદી વિચારસરણી કોને કેન્દ્રમાં રાખે છે?
(A) રાજ્ય (B) કુટુંબ (C) વ્યક્તિ (D) સમાજ

32. કોઈપણ પ્રકારની લઘુમતી અને બહુમતી વચ્ચે શું હોવું જોઈએ?
(A) સ્વતંત્રતા (B) સહિષ્ણુતા (C) સમાનતા (D) વેરભાવના

33. "પ્રજાને પોતાની ભૂલો કરવાનો અધિકાર છે" - આ સૂત્ર કોણે આપ્યું છે?
(A) થોમસ હોબ્સ (B) જ્હોન લૉક (C) વિલિયમ જેનીંગ્સ બ્રિઆન (D) જ્હોન ઓસ્ટિન

34. રાજ્યશાસ્ત્રના પિતા કોણ ગણાય છે?
(A) લાસ્કી (B) મનુભાઈ પંચોળી (C) ચાણક્ય (D) એરિસ્ટોટલ

35. 'એન ઇન્ટ્રોડક્શન ટુ ડેમોક્રેટિક થીયરી' ના લેખક કોણ છે?
(A) હેનરી મેયો (B) અર્નેસ્ટ બાકર (C) લાસ્કી (D) ગેટલ

36. કારોબારીને કાયદા- નિયમો ઘડવાની સત્તા એટલે _____ .
(A) કાનૂની હક (B) બંધારણીય હક (C) અધિકારીત વિધાન (D) ગેર કાનૂની હક

37. રાજ્ય વિહીન સમાજનો ખ્યાલ કોને સંબંધિત છે?
(A) સમાજવાદ (B) અરાજકતા વાદ (C) સામ્યવાદ (D) વ્યક્તિવાદ

38. કાયદો _____ હોવો જોઈએ.

(A) ગુલામ (B) નબળો (C) કડક (D) રાજા

39. ઔધોગિક લોકશાહી એટલે ઉદ્યોગોમાં_____ની ભાગીદારી.

(A) માલિકો (B) અમલદારો (C) મજદૂરો (D) સત્તાધીશો

40. 'રાજ્ય એ તો પૃથ્વી પર દૈવી ખ્યાલ તરીકે અસ્તિત્વ ધરાવે છે, જે ઈશ્વરની પૃથ્વી પરની આગેકૂચ છે'-આ વિધાન કોનું છે?

(A) સ્ટીફન લીકોક (B) હેગલ (C) જોન સીલી (D) ગ્રીન

41. "લોકશાહી અંગેના ખોટા વિચારો લોકશાહીને નિષ્ફળ બનાવે છે"- આ વિધાન કોનું છે?

(A) સાર્તોરી (B) લાસ્કી (C) ડાયસી (D) ગાર્નર

42. "બળ નહિ પરંતુ ઈચ્છાએ રાજ્યનો પાયો છે"- આ વિધાન કોણે કર્યું છે?

(A) થોમસ હિલ ગ્રીન (B) લાસ્કી (C) સારતોરી (D) ગેટેલ

43. સ્પષ્ટ અને કઠોર બંધારણ, અભિવ્યક્તિની સ્વતંત્રતા, રાજકીય પક્ષોનું અસ્તિત્વ, વયસ્ક મતાધિકાર - આ બધા કઈ શાસન પ્રથાની વિશેષતાઓ છે?

(A) પ્રત્યક્ષ લોકશાહી (B) પરોક્ષ લોકશાહી (C) કુલીનતંત્ર (D) અલ્પતંત્ર

44. વર્તમાન સમયમાં શાસનની લોકપ્રિય અને વ્યવહારિક પદ્ધતિ કઈ છે?

(A) મર્યાદિત રાજાશાહી (B) કુલીનતંત્ર

(C) પરોક્ષ અથવા પ્રતિનિધિત્વ લોકશાહી (D) પ્રત્યક્ષ લોકશાહી

45. એરિસ્ટોટલ અનુસાર રાજાશાહીનું વિકૃત સ્વરૂપ કયું છે?

(A) રાજાશાહી (B) કુલીનતંત્ર (C) લોકશાહી (D) નિરંકુશતંત્ર

46. જીવન જીવવાની પદ્ધતિ તરીકે લોકશાહી સાથે સંકળાયેલા મૂલ્યોમાં કયું યોગ્ય નથી?

(A) સ્વતંત્રતા (B) સમાનતા (C) ભાતૃભાવ (D) એક પણ નહીં

47. _____ દ્વારા કાયદાના શાસનનો સ્વીકાર કરવામાં આવે છે.

(A) સમાનતાના હક (B) મિલકતના હક (C) લઘુમતીઓના હકો (D) વિશેષ હકો

48. નીચેનામાંથી લોકશાહી પદ્ધતિની સફળતાનો આધાર કોના ઉપર રહેલો છે?

(A) સહિષ્ણુતા (B) સમાનતા (C) સ્વતંત્રતા (D) આપવામાં આવેલા બધા

49. કયા સિદ્ધાંત અંતર્ગત નાગરિકને એકથી વધુ મત આપવાનો અધિકાર આપવામાં આવતો નથી?

(A) બહુમતી શાસન (B) રાજાશાહી શાસન (C) સરમુખત્યારી (D) એક પણ નહીં

50. કોઈપણ પ્રકારના કાયદા દ્વારા પણ કઈ સમાનતા લાવી શકાતી નથી?

(A) સામાજિક (B) આર્થિક (C) ધાર્મિક (D) (A) અને (B) બંને